






**ઉંચુ વિચારો ઝડપી વિચારો,**
**વિચારો પર કોઈનો ઈજારો નથી**

**તાઃ ૯/૨/૨૩:** શાળાના બાળકોમાં સંસ્કારનું સિંચન થાય તે હેતુથી સ્વામિનારાયણ સંપ્રદાયના **સંતશ્રી પ.પૂ. વિનયમૂર્તિ સ્વામી** તથા **પ.પૂ. શ્રી ઘનશ્યામ જીવન સ્વામીજી**નું પ્રવચન યોજાયું. તેમણે કહ્યું કે જીવનમાં કોઈપણ બાબતમાં ક્યારેય આળસ કરવી જોઈએ નહિં કે હિંમત હારવી જોઈએ નહી. સફળતા માટે ચાર વસ્તુથી દૂર રહેવું જોઈએ. (૧) આળસ (૨) કુસંગી મિત્રો (૩) ટીવી, મોબાઈલ (૪) ધ્યેયની ખામી. તેમણે વિવિધ ઉદાહરણો દ્વારા પરિશ્રમનું મહત્વ સમજાવ્યું. પ્રાર્થના + પુરુષાર્થ = સફળતા સૂત્ર જીવનમાં અપનાવવા કહ્યું. ‘‘**જીતવાળા વ્યકિત કોઈ અલગ કામ નથી કરતા, પણ તેઓ દરેક કામ અલગ રીતથી કરે છે.** માટે જ સફળ થાય છે.’’




**તાઃ ૧૪/૨/૨૩:** ભરૂચની AHTU (Anti Human Trafficking Unit)ની ટીમ **શ્રીમતિ નયનાબેન એસ. વસાવા (P.I.)** તથા **શ્રી કનકસિંહ ગઢવી** (ASI) તેમજ **અનુબેન પટેલ** (Child Help Line Co-Ordinator) **દિવ્યાબેન પરમાર, હિતેશભાઈ પટેલ,** વગેરે દ્વારા ૦ થી ૧૮ વર્ષની ઉંમરમાં તથા વિવિધ ગુનાઓ અંગે વાત કરવામાં આવી. વિદ્યાર્થીઓમાં ગુનાઓ પ્રત્યે જાગૃતિ લાવવાનો પ્રયાસ થયો. મોબાઈલનો વધુ પડતો ઉપયોગ બાળકને ગુનાહિત પ્રવૃતિ તરફ લઈ જાય છે. જેથી તેનાથી દૂર રહેવાનું સૂચન કર્યું. આ પ્રસંગે **શ્રી નરેશભાઈ સુથારવાલા**(અધ્યક્ષશ્રી, નગરપાલિકા, ભરૂચ) તથા **ભાવિનભાઈ પટેલ** (દંડકશ્રી નગરપાલિકા, ભરૂચ) ઉપસ્થિત રહયા હતા.

**<u>તા : ૨૧/૧૨/૨૨: ધો ૫ થી ૯ તથા ૧૧ વિ.પ્ર, ૧૧ સા.પ્ર (ગુ.મા.) ૬૭૦ વિદ્યાર્થીઓનો સેવા, સંસ્કાર, સંસ્કૃતિ વિષય પર ભવ્ય વાર્ષિક સાંસ્કૃતિક મહોત્સવ યોજાયો.</u>**

ધો ૫ થી ૯ તથા ૧૧ વિ.પ્ર, ૧૧ સા.પ્ર (ગુ.માં.) ના વિદ્યાર્થીઓનો ભવ્ય વાર્ષિક સાંસ્કૃતિક મહોત્સવ પંડિત ઓમકારનાથ હોલમાં યોજાયો. જેમાં ૬૭૦ વિદ્યાર્થીઓએ વિવિધ સ્તોત્ર, રાજા હરિશચંદ્ર જીવન પ્રસંગો, રામાયણ, શ્રીમદભગવત ગીતા, ગૌતમ બુદ્ધ, ગુજરાત અને ભારતનાં લોકનૃત્યો, પર્યાવરણ સ્વચ્છતા, સોશિયલ અવેરનેસ, ટ્રાફિક નિયમન જેવાં વિવિધ વિષયો પર ૩૫ જેટલી કૃતિ નાટક, ગીત સ્વરૂપે રજૂ કરી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે **મા.શ્રી મારૂતીસિંહ અટોદરિયા** (પ્રમુખશ્રી, ભરૂચ જિલ્લા ભાજપ), **મા.શ્રી અમિત ચાવડા** (પ્રમુખશ્રી, નગર પાલિકા, ભરૂચ), **મા.શ્રી પ્રકાશભાઇ પટેલ** (પ્રમુખ ભરૂચ શહેર ભાજપ), **મા.શ્રી દિપકભાઇ અદ્રોજા** (આસી.પ્રો. જે.પી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, ભરૂચ) તથા અન્ય મહેમાનોમાં ભરૂચ નગર પાલિકાનાં કાઉન્સીલરો **શ્રી નરેશભાઇ સુથારવાલા, શ્રી ભાવિનભાઇ પટેલ, શ્રી કનુભાઇ પટેલ** (પૂર્વ બોર્ડ મેમ્બર), **શીલાબેન વણકર, જીગીશાબેન પટેલ, હીમાલીબેન રાણા** વગેરે એ હાજર રહી કાર્યક્રમને શોભાયમાન બનાવ્યો હતો તથા શાળાનાં પથ દર્શક સૌને પ્રેરણા પૂરી પાડનાર એવા શાળાનાં ચેરમેન મા.શ્રી હેમંતભાઇ પ્રજાપતિ તથા પરિવારે દીપ પ્રાગટ્ય કરી મહેમાનોને સન્માનિત કરી કાર્યક્રમને માણ્યો હતો અને બાળકો અને શિક્ષકોનાં ઉત્સાહને વધાર્યો હતો. ઘણી મોટી સંખ્યામાં શાળાનાં વાલીશ્રીઓ પણ હાજર રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભવો શ્રી મારૂતિસિંહ અટોદરિયા, મા.શ્રી પ્રકાશભાઇ પટેલ, મા.શ્રી અમિત ચાવડા , મા.શ્રી દિપકભાઇ અદ્રોજા એ પ્રસંગોચિત ઉદબોધન કરી બાળકોની કળાને બિરદાવી હતી. આ પ્રસંગે પ્રદેશ કક્ષાએ યુવા મહોત્સવમાં ભાગ લેનાર શાળાનાં શિક્ષકો **નયનાબેન પટેલ, દીવ્યા પારેખ, પારસ રાણા**ને મહેમાનોના હસ્તે સન્માનિત કરાયાં હતાં સાથે શાળાનાં દરેક કાર્યક્રમને જન સમુદાય સુધી પહોચાડનાર પત્રકાર **શ્રી જગદીશભાઇ પરમાર**નું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનાં કન્વીનર તરીકે **ચીમનભાઇ પરમાર, કંચનબેન પરમાર, ભકિતબેન, સેફાલીબેન, ધર્મિષ્ઠાબેન પ્રજાપતિ, જયોતિબેન** વગેરેએ શાળાનાં સૌ શિક્ષક મિત્રોનાં સાથ સહકારથી કામગીરી કરી હતી. બાળકોનાં કલાત્મક વિકાસ માટે શાળાનાં ડાયરેકટર **શ્રી ડો.ભગુભાઇ પ્રજાપતિ, ઇન્ચાર્જ આચાર્યા બિનીતાબેન ગોહિલે** સુંદર આયોજન કર્યુ.





**તમો કેવા લોકો સાથે બેસો છો, ફરો છો તેના આધારે તમારા વ્યકિતત્વનું સતત મૂલ્યાંકન થતુ હોય છે.**